Memorial Sloan Kettering Cancer Center

દદીર્ અને સંભાળદાતા શિક્ષણ

# તમારા લેરિન્જેક્ટોમી સ્ટોમાની સંભાળ


આ માહિતી તમારા લેરિન્જેક્ટોમી સ્ટોમામાંથી સક્શન કેવી રીતે કરવું અને તમારી લેરિન્જેક્ટોમી ટ્યુબ કેવી રીતે સાફ કરવી એ સમજાવે છે.

તમારા શ્વાસમાગર્ને ખુલ્લો રાખવો જરૂરી છે, જેથી તમે સરળતાથી શ્વાસ લઈ શકો. તમારા સ્ટોમામાંથી સક્શન કરવાથી તેમાં રહેલા સર્ાવો નીકળી જશે અને હવા તમારા ફેફસાંમાં અંદર-બહાર સરળતાથી જઈ શકશે. તમારી નસર્ સ્ટોમામાંથી સક્શન કેવી રીતે કરવું અને કેટલી વાર કરવું એ શીખવશે.

## તમારા લેરિન્જેક્ટોમી સ્ટોમામાંથી સક્શન કેવી રીતે કરવું

1. તમારી વસ્તુઓ એકઠી કરો. તમને નીચેની વસ્તુઓની જરૂર પડશે:
    - પ્લાસ્ટિક ટ્યુબિંગ સાથેનું સક્શન મશીન
    - સક્શન કેથેટર
    - પાણીથી ભરેલો એક વાટકો અથવા મોટો કપ
    - એક અરીસો
    - સ્વચ્છ અને સૂકો કપડો અથવા પેપર ટુવાલ (જ્યારે તમે ઘરે હો ત્યારે)
    - સ્વચ્છ અને સૂકા ગોઝ પેડ (જ્યારે તમે હોસ્પિટલમાં હો ત્યારે)
2. સાબુ અને પાણીથી તમારા હાથ સારી રીતે ધોઈ લો.
3. સક્શન કેથેટરને સક્શન મશીનની પ્લાસ્ટિક ટ્યુબિંગ સાથે જોડો.

4. અરીસો એવી રીતે મૂકો કે જેથી તમે તમારા લેરિંજેક્ટોમિ સ્ટોમાનું ખુલ્લું મુખ સ્પષ્ટ રીતે જોઈ શકો.
5. સક્શન મશીન ચાલુ કરો. (જો તમે હોસ્પિટલમાં હો, તો તેના બદલે સક્શન ટ્યુબિંગ પરની ક્લેમ્પ ખોલો.) સક્શનને અટકાવવા માટે કેથેટરને તમારા અંગૂઠા અને તજર્ની આંગળી વચ્ચે દબાવી રાખો.
6. કોઈપણ સ્રાવ બહાર લાવવા માટે ઊંડી ઉધરસ કરો.
7. સક્શન કેથેટરને દબાવી રાખો. તેને તમારા સ્ટોમામાં અંદાજે 3 થી 5 ઇંચ (8 થી 13 સેન્ટિમીટર) સુધી અંદર મૂકો (આકૃતિ 1 જુઓ).




આકૃતિ 1. તમારા સ્ટોમામાંથી સક્શન કરવું

8. સક્શન શરૂ કરવા માટે કેથેટર પરથી તમારી પકડ છોડી દો. 5 થી 10 સેકન્ડ સુધી અથવા તમારા આરોગ્યસંભાળ પરદાતાએ સૂચવ્યા મુજબ સક્શન કરો. કેથેટરને તમારી શ્વાસનળીમાં 10 સેકન્ડથી વધુ સમય સુધી રાખશો નહીં. તેને વધુ સમય

સુધી અંદર રાખવાથી તમને શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે.

9. ગોળ-ગોળ ફેરવીને, ધીમે ધીમે સક્શન કેથેટરને તમારા સ્ટોમામાંથી બહાર કાઢો. કેથેટરને ગોળ-ગોળ ફેરવવાથી તે તમારી શ્વાસનળી અને સ્ટોમાની બધી બાજુઓમાંથી સ્રાવને સારી રીતે ચૂસી શકે છે.
10. સક્શન કેથેટરની બહારની સપાટી પર લાગેલા સ્રાવને સ્વચ્છ અને સૂકા કપડા અથવા પેપર ટુવાલથી સાફ કરો. (જો તમે હોસ્પિટલમાં હો, તો તેના બદલે સૂકા પાટાનો ઉપયોગ કરો.)
11. સક્શન કેથેટરમાંથી પાણી કાઢીને તેની અંદરની બાજુમાં રહેલા સ્રાવને ધોઈ કાઢો.
12. જો તમને લાગે કે હજુ વધુ સ્રાવ સાફ કરવાની જરૂર છે, તો આ પગલાં ફરીથી કરો. જો તમારે 2 અથવા 3 વખતથી વધુ સક્શન કરવું પડે, તો ફરી શરૂ કરતા પહેલાં થોડી મિનિટો આરામ કરો.

એકવાર તમે પૂણર્ કરી લો પછી:

1. ખાતરી કરો કે સક્શન કેથેટર અને પ્લાસ્ટિક ટ્યુબ સ્વચ્છ છે. જો જરૂરી હોય, તો તેમની બહારની સપાટી ધોઈને સાફ કરો અને અંદરની બાજુ સાફ કરવા માટે તેમાંથી પાણીનું સક્શન કરો.
2. સક્શન મશીનની પ્લાસ્ટિક ટ્યુબિંગમાંથી સક્શન કેથેટરને અલગ કરો.
3. સક્શન કેથેટરને સૂકા કપડા અથવા પેપર ટુવાલ પર મૂકો.
4. જો તમે ઘરે હો, તો સક્શન મશીનની અંદર એકતર્ થયેલા સ્રાવને ટોઇલેટમાં ખાલી કરો. તેમને સિંકમાં ખાલી કરશો નહીં. તે ડ્રેન બંધ કરી શકે છે. જો તમે હોસ્પિટલમાં હો, તો હોસ્પિટલનો એક સ્ટાફ તમારા માટે આ કરશે.

જ્યારે તમે ઘરે હો, ત્યારે સક્શન કેથેટર દર અઠવાડિયે બદલો અથવા જો તે ગંદું થઈ જાય અથવા બંધ થઈ જાય, તો તેને વધુ વહેલું બદલો. જ્યારે તમે હોસ્પિટલમાં હો,


ત્યારે દર વખતે સક્શન કરવા માટે તમે એક નવો કેથેટર વાપરશો.

## તમારી લેરિંજેક્ટોમિ ટ્યુબ કેવી રીતે કાઢવી, સાફ કરવી અને ફરીથી મૂકવી

તમારી લેરિંજેક્ટોમિ ટ્યુબને નિયમિત રીતે સાફ કરો જેથી તેમાં સર્‌ાવ એકતર્ ન થાય. અમે ભલામણ કરીએ છીએ કે તમે તેને દિવસમાં ઓછામાં ઓછું બે વખત અથવા જરૂર મુજબ વધુ વખત સાફ કરો. તમારી નસર્ તમને તે કેવી રીતે કરવું તે બતાવશે.


1. તમારી વસ્તુઓ એકઠી કરો. તમને નીચેની વસ્તુઓની જરૂર પડશે:
    - એક અરીસો
    - નાયલોનનો ટર્રેકિઓસ્ટોમિ બર્શ
    - સુતરાઉ ગળાની ટેપ
    - કાતર
    - સામાન્ય સેલાઇન
    - રૂના છેડાવાળા એપ્લિકેટર
    - સજિર્લ્યુબ® (વૈકલ્પિક)
    - સ્વચ્છ અને સૂકો કપડો અથવા પેપર ટુવાલ (જ્યારે તમે ઘરે હો ત્યારે)
    - સ્વચ્છ અને સૂકા ગોઝ પેડ (જ્યારે તમે હોસ્પિટલમાં હો ત્યારે)
2. સાબુ અને પાણીથી તમારા હાથ સારી રીતે ધોઈ લો.
3. અરીસા સાથેના સિંકની સામે ઊભા રહો અથવા બેસો.
4. તમારી ગળાની ટેપની ગાંઠ ખોલો અથવા તેને કાપી નાખો.
5. તમારા સ્ટોમામાંથી ટ્યુબ બહાર કાઢો.
6. નાયલોન બર્શનો ઉપયોગ કરીને લેરિંજેક્ટોમિ ટ્યુબની અંદરની બાજુ સાફ કરો

(આકૃતિ 2 જુઓ). પછી ટ્યુબને ગરમ વહેતા પાણીની નીચે રાખો.



આકૃતિ 2. તમારી લેરિંજેક્ટોમિ ટ્યુબ સાફ કરવી

7. એકવાર ટ્યુબ સાફ થઈ જાય પછી, તેમાં રહેલું વધારાનું પાણી ઝાટકી કાઢો. સ્વચ્છ અને સૂકા કપડા અથવા પેપર ટુવાલથી ટ્યુબને સૂકવી લો. (જો તમે હોસ્પિટલમાં હો, તો તેના બદલે ગોઝનો ઉપયોગ કરો.)
8. સ્વચ્છ ગળાની ટેપને ટ્યુબની બાજુના સ્લોટમાં મૂકો.
9. તમારા સ્ટોમાની આસપાસની ત્વચાને રૂ બડ્સનો ઉપયોગ કરીને નોમર્લ સેલાઈનથી હળવા હાથે સાફ કરો.
10. ટ્યુબની બહારની સપાટી પર પાણી અથવા સજીર્લ્યુબ લગાવી તેને ચીકણી બનાવો.
11. તમારી ઠોડીને સહેજ છાતી તરફ નમાવો.
12. તમારો શ્વાસ રોકી રાખો અને ટ્યુબને તમારા સ્ટોમામાં અંદર મૂકો (આકૃતિ 3 જુઓ).



આકૃતિ 3. તમારી લેરિંગેક્ટોમી ટ્યુબ અંદર મૂકવાની રીત

3. ગળાની ટેપ એવી રીતે બાંધો કે ટેપ અને તમારા ગળા વચ્ચે એક આંગળી જેટલી જગ્યા રહે.
4. નાયલોન ટ્રેકિઓસ્ટોમી બ્રશને વહેતા પાણી નીચે સારી રીતે ધોઈ લો.

જો તમને કોઈ પર્શ્નો અથવા ચિંતાઓ હોય, તો તમારા આરોગ્ય સંભાળ પર્દાતાનો સંપકર્ કરો. તમારી સંભાળ ટીમના સભ્ય સોમવારથી શુકર્વાર સુધી જવાબ આપશે ૯ વાગે સવારે થી ૫ વાગે સાંજે આ સમય સિવાય, તમે કોઈ સંદેશ છોડી શકો છો અથવા અન્ય MSK પર્દાતા સાથે વાત કરી શકો છો. કૉલ પર હંમેશા ડૉક્ટર અથવા નસર્ હોય છે. જો તમને તમારા આરોગ્યસંભાળ પર્દાતાનો સંપકર્ કેવી રીતે કરવો તે વિશે ખાતરી ન હોય, તો212-639-2000પર કૉલ કરો.

વધુ રિસોસર્ માટે, અમારી વચુર્અલ લાઈબરે્રી www.mskcc.org/peની મુલાકાત કરો

---


તમામ અધિકાર અને માલિકી હક મેમોરિયલ સ્લોન કેટરિંગ કેન્સર સેન્ટર દ્વારા આરક્ષિત છે